**<u>માર્ચ માસના છેલ્લા દિવસોમાં ઉચ્ચક બીલ મંજુર કરવા બાબત.</u>**

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**
ગુજરાત રાજ્ય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**પરિપત્ર નંબર :- હિતિનિ/ટીસી/ફા.૧૨૬(૩)/૧૨૬૭/૨૧૫/૧** - ૨૧૯૬
તારીખ :–૨૬–૩–૨૦૦૮.

## <u>:: પરિપત્ર ક્રમાંક :: ૮ /૨૦૦૮ ::</u>

આથી સંબંધકર્તા તમામ પગાર અને હિસાબી અધિકારીશ્રી/જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ તથા પેટા તિજોરી અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર લાવવામાં આવે છે કે, માર્ચ માસના છેલ્લા દિવસોમાં ગ્રાન્ટ લેપ્સ થતી અટકાવવાના આશયથી ઉચ્ચક બીલથી નાણાં ઉપાડવામાં આવે છે અને તેના વિગતવાર બીલ પણ સમયસર રજૂ થઈ શકતા નથી. આ બાબતે નાણાંકીય શિસ્ત જાળવવાના હેતુથી ઉચ્ચક બીલનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે થાય અને તેના ઉપર જરૂરી અંકુશ આવે તે હેતુથી નીચે મુજબની સુચનાઓ આપવામાં આવે છે.

❖ નાણાં વિભાગના તા.૯–૩–૦૬ ના પત્ર ક્રમાંકઃ–અપત્ર–૧૦૨૦૦૫–૫૨૬–ખ માં દર્શાવેલ ૯ પ્રકારના ખર્ચ અંગેના ઉચ્ચક બીલ સ્વીકારી નિયમ અનુસાર મંજૂર કરવાના રહે છે.

(૧) મધ્યાહન ભોજન યોજનાના મરીમસાલા, શાકભાજી, બળતણ જેવી આવશ્યક ચીજ–વસ્તુઓની ખરીદી કરવા માટે રજૂ કરેલ ઉચ્ચક બીલો.
(૨) દરેક ખાતાના વાહનોના પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. તથા વાહનના વીમાના પ્રીમીયમ અંગેના ઉચ્ચક બીલો
(૩) લો અને ઓર્ડરના લગતા ખર્ચના ઉચ્ચક બીલો.
(૪) દરેક ખાતાના વીજળી બીલો / ટેલીફોન બીલોની ચુકવણી માટે રજુ કરેલ ઉચ્ચક બીલો.
(૫) નિયામક, સમાજ સુરક્ષા ખાતાના નિયંત્રણ હેઠળના જિલ્લા કક્ષાની સરકારી સંસ્થાઓના વડાના ઉચ્ચક બીલો
(૬) નાણા પંચની ગ્રાન્ટ અંગેના ઉચ્ચક બીલો.
(૭) જેલોના કેદીઓ માટે તથા જનરલ હોસ્પિટલોના રોજે રોજના ભોજન ખર્ચ, દુધ, શાકભાજી, અનાજ–કરિયાણું, ગેસ સીલીન્ડર વગેરેની ખરીદી માટેના ઉચ્ચક બીલો.
(૮) રેલ્વે નૂર અંગેના ઉચ્ચક બીલો.
(૯) ચૂંટણીલક્ષી ખર્ચ અંગેના ઉચ્ચક બીલો.

❖ ઉક્ત બાબતો સિવાયના કોઈપણ પ્રકારના ઉચ્ચક બીલ નાણાં વિભાગની પૂર્વ મંજૂરી સિવાય સ્વીકારવા કે મંજૂર કરવાના રહેતા નથી.

❖ નાણાં વિભાગના તા.૧૮–૧૨–૧૯૯૭ ના પરિપત્ર મુજબ માર્ચ માસમાં ઉચ્ચક બીલ ધ્વારા નાણાં ઉપાડ કરવામાં આવતાં બીલોના નાણાંથી, ખરીદેલ કે ખરીદવાનો માલસામાન તા.૩૧ મી માર્ચ સુધીમાં ચોકકસપણે મળી જશે, તે પ્રકારનું પ્રમાણપત્ર બીલમાં આપવાનું રહેશે.

ઉક્ત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ થાય તે જોવા તમામ સંબંધકર્તાએ નોંધ લેવી.

*નિયામક* ૨૬/૩/૦૮

<u>**સવિનય રવાના પ્રતિ :–**</u>
(૧) અગ્ર સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર જાણ સારૂ.
(૨) અધિક સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર જાણ સારૂ.

**નકલ રવાના પ્રતિ જરૂરી કાર્યવાહી અંગે :–**
(૧) પગાર અને હિસાબી અધિકારીશ્રી, પગાર અને હિસાબી અધિકારીની કચેરી, અમદાવાદ/ગાંધીનગર.
(૨) શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ........................ (તમામ)
(૩) નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર.